# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬, તા. ૨૦-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષયઃ- એસ.એમ.સી. તથા એસ.એમ.ડી.સી.ના સભ્યોની રાજ્ય કક્ષાએથી ઓનલાઈન તાલીમ બાબત.
સંદર્ભ :- સચિવશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ સમગ્રશિક્ષા/ કયુઈસેલ/ ૧/૨૦૨૩/૫૯૬૯૮-૫૯૭૭૦,તા. ૧૬-૧૨-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષ શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) ના સભ્યો તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ (એસ.એમ.ડી.સી.) ના સભ્યો માટે દ્વિતિય તાલીમનું આયોજન તા. ૨૭-૧૨-૨૦૨૩ ને બુધવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ કલાક દરમ્યાન ઓનલાઈન પ્રસારણ વંદે ગુજરાત ચેનલ નં. ૧ અને યુ ટયુબ ચેનલ : https://www.youtube.com/@GujaratEclass પર કરવામાં આવનાર છે. જે અંગેની જાણ શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.) ના સભ્યો તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ (એસ.એમ.ડી.સી.) ના તમામ સભ્યોને લેખિતમાં કરવાની રહેશે. અને આ તાલીમમાં આ સભ્યો શાળામાં હાજર રહી તાલીમ નિહાળે તે પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

- સંદર્ભિત પત્રમાં દર્શાવેલ તાલીમના એજન્ડાની ચર્ચા કરી મિનીટ્સ નિભાવવાની રહેશે.
- તાલીમ દરમ્યાન હાજર રહેલ સભ્યોની વિગતો તા.૨૭-૧૨-૨૦૨૩ ને ૧:૩૦ કલાકે સી.આર.સી. કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.
- તાલીમ બાદ બેઠકમાં તાલીમના એજન્ડા અને તાલીમમાં આપવામાં આવેલ માહિતી સંદર્ભે ચર્ચા વિચારણા તેમજ જરૂરી નિર્ણયો અને આયોજન હાથ ધરવાના રહેશે. જેની જાણ ઝોન કક્ષાએ કરવાની રહેશે.
- બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા તેમજ જરૂરી નિર્ણયો અને આયોજન અંગેની મિનીટ્સ નિભાવવાની રહેશે.
- તાલીમ માટે શાળા દીઠ રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરાની ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. જેમાંથી બેઠકમાં ઉપસ્થિત રહેનાર સભ્યો માટે ચા- નાસ્તો / રિફ્રેશમેન્ટ પેટે ખર્ચ કરવાનો રહેશે.

આ સાથે સંદર્ભિત બિડાણ પત્ર મુજબ તાલીમનું આયોજન કરવાનું રહેશે.

તા.૨૦-૧૨-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail – qecell@gmail.com

પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2023/59698-59770 તા:19/12/2023

**પ્રતિશ્રી,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી: તમામ
જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી: તમામ
શાસનાધિકારીશ્રી: તમામ

**વિષય : SMC તથા SMDCના સભ્યોની રાજ્ય કક્ષાએથી ઓનલાઇન તાલીમ બાબત**
**તારીખ :27/12/2023, બુધવાર (સવારે 11.00 થી બપોરે 12.30 કલાક)**

**શ્રીમાન,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના સભ્યો તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC)ના સભ્યો માટે રાજય કક્ષાએથી 3 દિવસની તાલીમ કરવાની થાય છે. તે પૈકી એક દિવસની તાલીમ બાયસેગના માધ્યમથી પૂર્ણ કરવામાં આવેલ છે. ચાલુ માસમાં દ્વિતીય તાલીમનું નીચે મુજબ આયોજન કરવાનું થાય છે.

SMC તથા SMDCના સભ્યોને કાર્યો અને ફરજો, શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેનાં કાર્યક્રમો, માળખાકીય અને ડીઝીટલ સુવિધાઓ તેમજ અન્ય શૈક્ષણિક પ્રયાસો બાબતે વિગતવાર ઓનલાઇન તાલીમ આપવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

**ઓનલાઈન તાલીમ પ્રસારણની તારીખ અને સમય**

તારીખ :27/12/2023, બુધવાર
સમય : સવારે 11.00 થી 12.30 કલાક

**ઓનલાઈન તાલીમ પ્રસારણનું માધ્યમ**

બાયસેગ : વંદે ગુજરાત, ચેનલ નં: 1
યુટ્યુબ ચેનલ : https://www.youtube.com/@GujaratEclass

**તાલીમનાં એજન્ડા**

- SMC તથા SMDCનાં કાર્યો અને ફરજો
- શાળા વિકાસ યોજના
- શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે અમલીકૃત કાર્યક્રમો
- માળખાકીય સુવિધાઓ
- ડીઝીટલ સુવિધાઓ
- દિવ્યાંગ બાળકોનું શિક્ષણ

- કન્યા શિક્ષણ
- શાળા આપાત્તિ અને વ્યવસ્થાપન
- વોકેશનલ એજ્યુકેશન અને શાળા બહારના બાળકોનું શિક્ષણ

**તાલીમ દરમિયાન શાળાઓમાં ઉપસ્થિતિ :**

- તાલીમના દિવસે પ્રસારણના સમય દરમિયાન જિલ્લા પ્રોજેક્ટ કૉ–ઓર્ડીનેટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ડાયટ લેકચરરશ્રી, શિક્ષણ નિરીક્ષકશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી. કૉ–ઓર્ડીનેટર તેમજ સમગ્ર શિક્ષા અંતર્ગત જિલ્લા કચેરીમાં કામગીરી કરતા તમામ શાખાઓનાં કૉ–ઓર્ડીનેટરશ્રી અને કર્મચારીશ્રીઓને જિલ્લાની કોઈ એક શાળામાં ઉપસ્થિત રાખવાના રહેશે. શાળાઓની ફાળવણી જિલ્લા કક્ષાએથી કરવાની રહેશે.
- તે જ રીતે સમગ્ર શિક્ષા અંતર્ગત સી.આર.સી. કૉ–ઓર્ડીનેટરશ્રી, તાલુકા અને કલસ્ટર કક્ષાએ કામગીરી કરતા તમામ શાખાઓનાં કૉ–ઓર્ડીનેટરશ્રી અને કર્મચારીશ્રીઓને જે તે તાલુકા / કલસ્ટરની કોઈ એક શાળામાં ઉપસ્થિત રાખવાના રહેશે. શાળાઓની ફાળવણી તાલુકા કક્ષાએથી કરવાની રહેશે.
- જે કમર્ચારીશ્રીઓને ઓનલાઇન ટુર ડાયરીમાં શાળા ફાળવવામાં આવેલ હોય તેમને તે શાળામાં ઉપસ્થિત રહેવાનું રહેશે.
- ઓનલાઇન તાલીમ પૂર્ણ થયા બાદ જિલ્લા/તાલુકા/ કલસ્ટર કક્ષાએથી ઉપસ્થિત રહેલ અધિકારી/કર્મચારીશ્રીએ સમગ્ર શિક્ષાની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો, ધ્યેયો અને લક્ષ્યો વિષે સભ્યોને માહિતગાર કરવાના રહેશે.

**તાલીમમાં ભાગ લીધેલ સભ્યોની વિગત**

- સદર Teleconference પૂર્ણ થયા બાદ SMC / SMDC તાલીમમાં ભાગ લીધેલ સભ્યોની હાજરીની વિગત તાલુકાવાર જે તે જિલ્લાના DEO/DPC/ADPC ની સહીથી હાર્ડ કોપી તથા એકસેલની સીટમાં નીચે પ્રમાણેના પત્રક તા:27/12/2023 સાંજે 05.00 કલાક સુધીમાં બિનચૂક મોકલી આપવાની રહેશે.

**SMC તાલીમમાં ભાગ લીધેલ સભ્યોની હાજરીની વિગત**

| Dist. Name | Present Members | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | BRC | CRC | Principal | Project staff | SMC Members | | | Others | Total |
| | | | | | Female | Male | Total | | |
| | | | | | | | | | |

**SMDC તાલીમમાં ભાગ લીધેલ સભ્યોની હાજરીની વિગત**

| Dist.Name | Principal | SMDC Members | | | Others | Total |
|---|---|---|---|---|---|---|
| | | Female | Male | Total | | |
| | | | | | | |

**તાલીમ બાદ બેઠકનું આયોજન**

- તાલીમનાં પ્રસારણનાં બાદ શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) / શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC)ના સભ્યોની બેઠકનું આયોજન કરવાનું રહેશે.
- આ બેઠકમાં તાલીમનાં એજન્ડા અને તાલીમમાં આપવામાં આવેલ માહિતી સંદર્ભે ચર્ચા વિચારણા તેમજ જરૂરી નિર્ણયો અને આયોજન હાથ ધરવાના રહેશે.
- બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા તેમજ જરૂરી નિર્ણયો અને આયોજન અંગેની મિનિટ્સ નિભાવવાની રહેશે.

**તાલીમ માટે ગ્રાન્ટની ફાળવણી**

- પ્રાથમિક શાળાઓને વર્ષ: 2023-24નાં PAB બજેટ હેડ Community Mobilization હેડ 98.1 Training of SMC/SDMC હેઠળ તેમજ માધ્યમિક શાળાઓને બજેટ હેડ Community Mobilization હેડ 99.1: SMDC Training હેઠળ શાળા દીઠ ₹ 1000/- (અંકે રૂપિયા એક હજાર પૂરા)ની ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
- શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC)ની તાલીમ અને બેઠકમાં ઉપસ્થિત રહેનાર સભ્યો માટે ચા-નાસ્તા / Refreshment પેટે ખર્ચ કરવાનો રહેશે.

**તમામ શાળાઓમાં ઉપરોક્ત સૂચના મુજબ તાલીમ અને બેઠકનું આયોજન થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.**

**આભાર સહ,**

**(મહેશ મહેતા)**
**સચિવ**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :**

માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી